
પ્રજાપોકાર.

શુધ ગુજરાતી ભાષાથી

રચનાર

શાહગારહુરસ્થ ભાઈજીઓ.



આ ચોપડી સને ૧૮૬૭ ૨૫ મા કાયદા પ્રમાણે
સરકારમાં રેજીસ્ટર કરી લીધી છે માટે એના ધણી
ના હોકમ વગર બીજા કોઈએ છાપવી નહી.

મુંબઈ મધ્યે

વરતમાંન છાપખાનામાં છાપી.

સને ૧૮૭૪. કીમત રૂ ૦ ૧

ઈશ્વર પ્રાર્થના.

મોતીદામ છંદ.

અહો વરદાયક આ[illegible]ક દેવ,
કરું તુજ આદિ [illegible]રંજન શિવ;
અરાધિય આતમ[illegible] અવિકાર,
હરો મુજ દેશતણા દુઃખ માર. ૧.

નથી શુખ દેશ [illegible] લવ લેશ,
પરોઅર માંય [illegible]રાંસું કલેશ;
દિસા [illegible] [illegible] પોક પોકાર,
હરો મુજ દેશ તણા દુઃખ માર. ૨.

વધી ગયું વાતનું વાદવિવાદ,
નથી શંભળાતિજ કોયનિ દાદ;
પ્રજા શઠના કરિજાય વિચાર,
હરો મુજ દેશ તણા દુઃખ માર. ૩.

પ્રજા તલ પાપડ જેમ ભુંજ
પડેપડિ રાજને રંકનિ હાય,
કૂટી કુટિ થાકી થયા જન ક્ષાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૪.
શુણાયન વિત્ય વિન્યા કઇ વાત,
ખરો ઇનશાફ દે રોકડ માત;
રમી રથ ક્રોિ ઉમા કારભાર,
હરો મુજ દેશ ણા દુખ માર. ૫
અમોઘબ માંડિ રહ્યા ગમસાણુ,
મલ્યા સહુ મૂ ખ ભુત મશાણુ:
નથી નર કોય શથ્ય વિચાર,
હરો મુજ દેશ ણા દુખ માર. ૬.
અરે યમનીકરશે નઇઆર,
હવે ભવતારણ તુ ચડવાર;
કૃપાકરિ એશહુ િ ા નિવાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૭.
ભણી ભણિ ભાટિ ભણે ભગ વાન,
પ્રજા પતિના કરકો ટિકકાન;
સુણે શુભ છંદ સજો દિલસાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૮.

હરીગીત છંદ.

ધંધમ્યા ડુંગર દેશના, આકાશ આખી પરજળ્યો;
પૃથ્વી બળી પાતાળ, ધુંધાકાર અતિ નભમાં ઢળ્યો.
ઊગ્યોજ ભાનૂ પશ્ચિમે, થઈ રતબંધ તારાની ગતી,
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૧.
આગર ભરાયો [illegible], [illegible] ચાલી શોકની;
વરસાદ વરસ્યો લોહિનો, થઈ હાણ લોકો થોકની;
વસ્તી વહગઇ વેગમાં, ગઈ [illegible] પ્રલય કાલે હતી;
વિનાશ કાળે જાંણવી, વિપ[illegible] માનવિની મતી. ૨.
ભવને ભવન ભમરા ભર્યા સ્તેજ રેલ [illegible];
[illegible]કાશ રમિયો રાજમાં નક્કીજ સહુ ઊ[illegible] ૩.
અપડાવિ શાણા લોકને, [illegible]ળાવિને માર્યા અતી;
વિનાશ કાળે જાંણવી, [illegible]પરિત માનવિની મતી. ૩.
વિખથી ભરાઇ [illegible]ડી, [illegible]કૂપ કંકાસે ભર્યા;
જ્યાં દૂશની ધુંખાર માં, જન પ્રાણ લઈને પરહર્યા.
ત્યાં કુકર્મોના કોટ મોટા, કપટની ખાણો અતી;
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૪.

જયા જળ હતું ત્યાં સ્થળ થયું, સ્થળની જગોમાં જળ ગયું;
જ્યાં રણ હતું ત્યાં વસ્તિ ગઈ, વસ્તી હતી ત્યાં રણ થયું:
દુખમાંજ દેશ દુખાવિયો, સુણતાંજ ઉપજે આવૃતી.
વિનાશ કાલે જાંણવી, વિપરિત માનવિની મતી. ૫.
વનવૃક્ષ સહુ વેરી થયાં, ફળફૂલ અંગારા ખરે;
ફુમડાળ પત્રે વીજલી પડિ, સઘન વન શળશળ બરે.
લેજો હવે સંભાળ શ્રી ... કારણ ... સૃષ્ટી પતી;
વિનાશ કાળે જાંણવી વિપરિત માનવિની મતી. ૬.
પ્રભુ જીવ જીવ્યા જનરૂ આપી, યવન હાથે સોપિયા;
બલ બાંધિ બેઠા બુદ્ધિ હીણા, અધિક અમપર કોપિયા.
કહો કેમ એથી ઊગરે, ત્યાં પોચશે કોની ગતી;
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૭.
દેન-સાફ ખાતું અધ જો ..., કાયદા કોડી ભરા;
પરલાજ ઊપર ધંધ તેનાં, અર્થ પોતાના ખરા.
એવી તરેની રાજધાણી, ... ત કયાં દીઠી હતી;
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૮.

રાગ પરજ.

શેઠ શાગડશા શાધુને શંધે (એ રાગ.)

અરેરે દેશડો દાગ્યો રે દેશમાં દાવાનળ લાગ્યો રે ટે.
દાવાનળ લાગ્યો, ને ભ્રમશ જાગ્યો,

દાડાની થઇ ગઇ રાત;
પુરના સિપાયો, પુરને રે લૂટે
શાંભળે કોયન દાદ; અરેરે૦ ૧

ધોળે દાડે નિત, ધાડપાડે ધાડ,
પાડતે ધોરી પુકાર;
માજન લોકના, અંન ધન આપરૂ,
લૂટે રાજ દરબાર અરેરે૦ ૨.

ધડધડી બાંબાનિ ગોડિ લંબોડા,
વાગીઆ વેરી નીશાણ;
રાજયે લશકર, પુરપર ફેર્યાં,
ગાજી રયો ગમ શાણ. અરેરે૦ ૩.

ભુંગળ બેગીને, બ્યુગલો વગે,
થાએ તૂરીના નાદ;
નશુર કુંમર, લક્ષણ ભલા,
ખુલી તરવારો હાથ. અરેરે૦ ૪.

પલટનો પેદલ પાર વિનાના,
અણ શમજુ અશવાર
તાજા કરી તેને, વરતી પરવાર્યા,
મારો માજનને માર. અરેરે૦ ૫.

ગાજે હથીઆરે, નગ્રમાં પેઠા,
ઓચીન કોયને જાણ;
આબરૂ દારૂને, ઓચીતા પકડયા
મારી મારી કાઢયા ગાણ. અરેરે૦ ૬.

કેકોને હોઠ હલાવતાં માર્યા,
કેકોને ચાલતાં ચાલ;
મુસાફે બાંધી મોલાતમાં લઇ ગયા,
ઓધા ઘણા બે હાલ. અરેરે૦ ૭

ગાડાંભરી જંજીરના લાવ્યા,
ઓધા બધાને કેદ;
રાજીનામુ લેવા રોકી રાખ્યા શઉને.
ભુખે માર્યા રાખી ભેદ. અરેરે૦ ૮

માહાજન જોઇ મૂંજવાઇ પડયો હવે.
કરીઓને કેવા ઉપાય;
જંગલી જુલમ જોશથી જોયા,
લોક કરે હાય હાય. અરેરે૦ ૯.

કેકોયે મંદીર માંડીને મલીઆં
મલ્યા ચણાવી માળ;
દેશના દુઃખથી દાઝી મુઆં જન.
નાશી થયા તરપાર. અરેરે૦ ૧૦.

કોકોય કોટિઆ કાંડે ચઢાવિઆ,
મેલ્યા મડામાં વાણ;
ગામ ગિરાશ તમાંમ તજ્યા જંન.
દેશ કર્યા વેરાણ. આરેરે૦ ૧૧.
કોઇ કોરીના કારભારી જેનિ,
રાવણથી બદરીત;
સત્ય અસત્ય વીચાર નહીં કેના,
પઇશા પોચે તેની જીત, આરેરે૦ ૧૨.

રાગ જોગીનો.

ગતાળ.

ઢાડ બા[illegible] માશીનો.

શમ્ભી આવીલા કારકુન મ[illegible]ાકે કંથસુધારીઆ (એ રાગનો)

જાઓ જાઓ રે ઉડી [illegible] કાશીધ, જડપથી જાજોરે,
જઇ દેવ લોકની મા[illegible], વિશામા બાજોરે. ૧.
મારા દેશના દુખની વાત, દેશોતને કેજોરે,
કરી શોશો વાર શલામ, શંધેશા દેજોરે. ૨.
તારા દેશમા પડીઓ [illegible]ાખ, જનો શઉ દાજેરે,
મોટા દઇતો તણારે દમામ, નગરમા ગાજેરે. ૩.

કુડા કારભારી ઓની કાસુ, અંનીતી ભારીરે,
કોય જંપીન બેશે જીવ, રડે નર નારી રે. ૪.
પાળી ચોવટે લાચો ખાઓ રડાવે સોકોરે,
પડે ધ્રુશકે ધ્રુશકે હાય પ્રજામા પોકોરે. ૫.
રૂડા લાખો લાખીણા લોક પીડા બહુ પામેરે,
તે રંચન માને રાવ જુએ નહી શામેરે. ૬.
રડે દેશ રડે પર દેશ રડે પરદેશીરે,
રડે ચોવટા હાટ વખાર રડે મારા દેશીરે. ૭.
રડે પલવબાર અઢાર રડે વન માડીરે,
પડયો શોકનો ટાઢો દુકાલ રડે રે બારીરે. ૮.
કોય શાચી નશા ભજે વાત, પક્ષની તાણી રે,
માંગે મુલે જડે ઈનશાફ ાકડે નાણી રે. ૯.
જનનાશી થઆ તરપાર સુખ્યા ગરવાશીરે,
કોપ રહ્યા અનાડી અજાણઅગોરી ઉદાશીરે. ૧૦.
નાઠા માધાણીનો મોર ભીમાજી ભાગારે,
મરી સુતા માજનના મંત કંશામા દાજયારે. ૧૧.

શાડોકો.

પ્રારંભે ગવરી સુતના ગુણ ગાઉ,
શમરી શાડોકો જુલમીનો ગાઉ. ૧.

શાગ બજારમાં શુંદર વર શાભે,
ઘારે બપારે જુલમ જાંમે. ૨.

જુલમ જાલમી જબરા કેવાએ,
એવા બાજો નઈ જગતમાં થાએ. ૩.

ઘારી ધુકારે પડેછે પાક,
ઉભા જુએછે લાકાના થાક. ૪.

જાતા જનાને કાતક થાય,
બાજી પાણીએ ભરવાને જાએ. ૫.

વાંકે અંબાડે બેડલુ સાથે,
લટકે પીતરનુ કરશીઓ હાથે. ૬.

આંખે અણીઆરી આએરા શા હાએ.
રૂપ રંભાથી વીશેશ જાએ. ૭.

ચત તરછાલે તરણી તણુ,
હેમ ચાંપાના અંગે આભરણુ. ૮.

પારા જરમરને ઝઝુરહાર,
તુલશી ત્રાટીને આકોટાં શાર. ૯.

અતી ઓઢણી ઘમશા ગાજે,
પગમા કાંબીને કડલા વાજે. ૧૦.

ચાલે ચાકીને ઠમકતી ચાલ,
ફુલગુલાબના જેવા ગાલ. ૧૧.

એવી આવતી વીજળી જેવી,
દીઠી કુલસીએ ઉપરથી તેવી. ૧૨.

કારભારીએ મોજીને દેખી,
કોરી શાનાની ઉપરથી ફેંકી. ૧૩.

અબળા જાણે નહ કપટીની રીતી.
દીઠી કોરીને બંમાણી પ્રતી. ૧૪.

બેઠુ થોભીને ઉપાડી કોરી,
મનમાં હરખી ગઈ મોજાની છોરી. ૧૫.

મુખે મુશકાતી આવતી જાએ,
માતી જોબણે મસ્ત માય. ૧૬.

એવું જોઈને શપાઈ ઉઠે,
ઉઠીને લાગો અબળાની પુંઠે. ૧૭.

આવી ઓચીતુ હાથજ ઝાલ્યો,
બેઠુ જોટીને શપાઈ ચાલ્યો. ૧૮.

મોજી થરથરથર કંપવા લાગી,
આતો ઉલટી વેદના જાગી. ૧૯.

મારે કામશુ આવશે કોરી,
લાજ લુટેછે દરાર ચોરી. ૨૦.

ફગવી કોરીને ઉભીજ રહી,
આંખે આંશુની ધારજ વહી. ૨૧.

મુજ રંકને શીધને શંતાપો,
આવ્યો કોરીને બેડલું આપો. ૨૨.

હું તો લાજુછુ ભરી બજાર,
ઉભા લોકોના થોકો ચોમાર. ૨૩.

મારૂ વાંકશુ વિચારો વાત,
બેડું મુજને આપોનિ બ્રાત. ૨૪.

શુણતાં શપાઇ છાકટો થઓ,
હજી પણ તારો હઠ ન ગયો. ૨૫.

હુકમ પડ્યો શું અમારે હાથે,
બાજા ઘણાછે અમારી માથે. ૨૬.

ચાલો તે પાશે ઉભાજ થાઓ,
કોરી આપીને બેડું લઇ જાઓ. ૨૭.

પ્રથા વાતને શીધ વધારો,
ખોટા વિચારો શ્યાંમાં ધારો. ૨૮.

આવો અંદરથી બેડું લઇ જાઓ,
ઘીમાં રાખીને શીરમાં ખાઓ. ૨૯.

શમજી શત્યને અબળા થૈ કાલી,
મરડી વાંશુને ચમકતી ચાલી. ૩૦.

અંદર લઇ ગયાને દાદર ચડી,
ટાડી વાગીને હાકલ પડી. ૩૧.

ગરબી.

શુંદર શ્રી ગોકુલ ગામરે. બેહારી શાંમ. (એ રાગ.)

દેશમાય પાછા પધારો રે. બેહારી લાલ. ૧
દેશડાના માંનખા સુધારોરે. બે૦ ૨
રાખીએ તમારી આશરે. બે૦ ૩
આનુક મેગ પિઆશરે. બે૦ ૪
તનમંન ધનથી ચાહીએ. બે૦ ૫
જનમો જનમ ગુણ ગાઇએ. બે૦ ૬
માંગીએ ઇશપાશ એવુ. બે૦ ૭
દરશણ તમારૂ દેવું. બે૦ ૮
જુલમ થયો આંઇ ભારી. બે૦ ૯
કુતડા પડયા ઘર ફેડી. બે૦ ૧૦
ઘેરના બાડકોને ઘેર્યા. બે૦ ૧૧
રાજાએ કુતડા હેર્યા. બે૦ ૧૨
જુબ મલિધા તેણે બાધા. બે૦ ૧૩
પત્રે પ્રજાથી બાધા. બે૦ ૧૪
કેટલાક જનને કરડયા. બે૦ ૧૫
કેકોના આબરૂ બડયા. બે૦ ૧૬
ધુમધામ લાંચો બાય. બે૦ ૧૭
જોતા જુલમ બઉ થાયરે. બે૦ ૧૮

નથી અન શાકનો નામરે. એ० ૧૯

કેવલ કેરીનો કામરે. એ० ૨૦

કારભારમા જનકાચ્યાં. એ० ૨૧

કુતડા જેવડા દાચ્યા. એ० ૨૨

તૂટી વીવેકનિ ટેકરે. એ० ૨૩

આબરૂ થઆ પેક એક રે. એ० ૨૪

જમાન લાગ્યો રાયરે. એ० ૨૫

અધમ અનિતી થાયરે. એ० ૨૬

માજન જોઇ મન મુંજયો. એ० ૨૭

દેશ તજવાનો શુઝયો. એ० ૨૮

કુદીને કાંપમા ચાલ્યા. એ० ૨૯

વાણીઆએ વાવટા જાલ્યા. એ० ૩૦

વણ માશ ત્યાં ગયવિતિ. એ० ૩૧

નિકરી એકને રીતી. એ० ૩૨

કોણજાણે શું દૃશી. એ० ૩૩

વસતી વેરાઇ [illegible]. એ० ૩૪

હવે ઉપાય શું કરશું.. એ० ૩૫

હાથમા કલમો ધરશું. એ० ૩૬

રાખશુ નઇ વાંકો છાંની. એ० ૩૭

શાયછે માતું ભવાનિ. એ० ૩૮

ગરબી.

શુણુ વાસલડી વેરણ થૈ લાગીછે વ્રજની નારને (એ રાગ)

વશવાયાલોક વઢતા વાદ કરેતો વાતન કીજ્યે.
અભીમાન તજી વેગે વેરાજીને ગોડા દીજીએ.

તમો વાદ તજોની વણશારે,
હજી વાતનુ એક નહિ આરો;
તમો બારપડ્યા ધીરજ ધારો, વશવાયાલોક. ૧.

હવે દાવ પડ્યો છે તમ હાથે,
ફરતી આવિ પોતા માથે;
શહુ શંપકુરિ મિલજો શાથે. વસવાયાલોક. ૨.
તમો શરવનો જો શારો ધારો,
યવનોને પુર બારે કહાડો;
થશે દેશ શુધારો બહુ સારો, વસવાયાલોક. ૩.
શહુ કાલતણે મોડે આવ્યા,
તમપરતે લાગબહુ ફાવ્યા;
તમને લુટી બંધાવી બહુમાર્યા. વસવાયાલોક. ૪.
વિશવાશ કરેજો વેરીનો.
જુરમાંપ અથાણો કેરીનો;
જેથી જાન જશે તમ સરીનો. વશવાયાલોક. ૫.

છો પ્રેમલીઆ પંખીજેવા,
નથી જ્ઞાનતણો લેવા દેવા;
રખેબીજાતા બારે રેવા, વશવાયાલોક. ૬.

અમે ઉભા જોવાંશેહાડા,
કરમાં કજીઓના કોઆડા;
તેથી કાપસું શંકટના વાડા. વશવાયાલોક. ૭.

અજનાર ધણી લેશુ શાથે,
શાતશેન શજી પડસું માથે,
નિજ દેશ કરીલેશું હાથે. વશવાયાલોક.

૫૬

વાઆ લોકો વિપ્રો શાથે પાડયો વાંદો. (એ રાગ.)

વાણીઆણી જાયા, પાછો ન ફરતા વાંસો,
આગલ છે દોરી ફાંસો. ટેક.

જઈ પ્રેમલી આડી પાશમાં,
મળતાં માન દિલથી;
અન ધન આબરૂ તમામ ખોશો,
દારૂણ દુખીઆ થાશો. વા૦ ૧.

નથી ન્યાયનુ નામ નગરમાં,
નથી શતનો વાશો;
ન્યાયદીશ નાણાના ભુખ્યા,
એવો અજબ તમાશો. વા૦ ૨.

ચોવટીઆ ચોરોના ચોરો,
વકીલ વણ અભ્યાશો;
કુટણ કરડા કારભારીઓ,
તેથી પંઢ પીડાશો. વા૦ ૩.

હાલ અંગપર હકીકત હુમલા,
ધકા ધમકી શાશો;
તેથી પીડા તમોને પામો
છેવટ શુખીઆ થાશો. વા૦ ૪.

રાએ રઅતપર રેહેમ કરીનો,
આપે અદલ ખુલાશો;
દર દેશના ન્યાય તખતપર,
પરદેશી પધરાશો. વા૦ ૫.

જુઓ જરજ માનકજી જેવા,
ધુણી બેહારીઆ થાશો;
દેશ હેત અનશાફ માગવા,
એક શંપ થઇ જાશો. વા૦ ૬.

કરે કાયદા કોરત નાતો,
ને ન્યારા મતઆશો;
ન્યારા ત્યારા જોઇ કાયદા,
ખડખડ આવે હાશો. વા૦ ૭.
નથી સંપનો વાંક રંચતો,
નથી રાજમાં ગાશો;
નથી શાન્તિ સેતન્ગાહે,
થાશે અનત ખારો. વા૦ ૮.

લાવણી.

ચલો ચલો શું વાર લગાડો ર [illegible] નિદર રણમાં. (એ રાગ.)

[illegible] તજો સહુ સિર વંતનને, વશિએ જઇ વનમાં,
થઇ વસ્તી વેરાણ વશિ[illegible]ા, [illegible]ર જનો જનમાં;
મગાવી ઘોડા ઉંટ ગા[illegible] ગર તેમા લાડો,
કરો ઉચાપત ભાઇ, [illegible]ને લશકારી છાંડો.
સહુ તજો દેશની આ[illegible], વિદેશે, કરો દેશિવાશો,
કર પરો હીમતે બહાર પડી, સહુ જન સુખીઆ થાશો;

જુલમ.

ઈનસાફનું ખાતું આખ દેશના જેમાં,
પર પરદેશા ઉપર ધંધ અદાલત એમાં;
શહુ કુરણ કરડા કારભારીઓ એમાં,
નર ધનની મોટી વાત ખરેખર તેમાં.
એવા દેશમાં કેમ રહાશે, કરો ક્યાસ મનમાં.
થઈ વસ્તિ વેરાન વસિઆ જેર જનો જનમાં. ૧.

નિજ દેશતણું, ઈનસાફ કાયદે, નઈ કેને આપે,
પર દેશતણું કંકાશ લઈ, નિજ દેશ વિષે થાપે;
લે સમજણ વણ લાંચ ગરદનો, રંકરૈયતી કાપ
કરે અદમ અન્યાય [illegible]વથી, ડરે નહીં પાપે.

જુલમ.

દુર દેશનો દાવો એકલ તરફી કાપે,
વઈવટ કરનારા વિના [illegible] આપે;
બાહેરા પર દાવો જો [illegible]લમથી થાપે.
કોઈ શુણેન શાચી વાત, [illegible]મને પાપે.
એવા ધંધ નિજ અરથે [illegible]રાપી કરે કલેશ જનમાં.
થઈ વસ્તી વેરાન વસિઆ જેર જનો જનમાં. ૨.

ચાર શહસ્ત્ર ભોજન પર, વઇવિટ શું શું ચાલ્યો છે,
તે બઇરાને પુછવા તેડાવે, બરો લાંચીઓ જે;
જયા નઇ બઇરાનુ, નામ કદાપી, નઇ બઇરા જાતી,
ત્યાંનો આરોપ બઇરાપર રોપે, જુઓ જુલમ પાતા.

જુલ.

તરકટનો દાવો એકલ તરફી છાણે,
પ્રતી વાદીન વાદીપાસ ગરજ નઇ આણે;
નઇ શમદ પુગવા કામ [illegible]નમ જટ તાણે,
એ શહુ ગરજાદા ગઇ શેકટે નાણે.
એવા શંકટો રોજ શોશતાં મરશું ભોયનમાં,
થઇ વસ્તી વેરાન વસિગ્યો જેર જનો જનમાં. ૯

એ જુઓ જનુની રીત [illegible]નરથો કરે અધમ આણી,
કાડે પોતાનો કામ દેશ[illegible] કરે ધુળ ધાણી.
પ્રજા શહુ પચિ પચિ પિ[illegible] થાય જુદ નઇ રાય ફેરી વાશે,
રમી રહ્યા કોરીમા કારભાર શુ દેશી શહુ દુખીઆ થાશે.

ઝુલણા.

માટે શહુ શજ્જૅન શંપ કરી રહો ભાઈ,
શહુમળી હિંમતેબહાર પો જટપાઈ.
નગરીમા અતી અંધેર ગણી ઠગ પાઈ,
શહુ કદર વગરનાં કાર ભારિ કાચાઈ;
એવી આપદા રોજ શઆથી, શુખ વશવું વનમાં.
થઈ વસ્તી વેરાન વશીગ્યો જેર જનો જનમાં. ૪.

ગરબી.

સારૂં સારૂં રે સૂરત શેહેર મુંબઇ અલબેલી—એ રાગ.

પામી પામીરે પીડા પૂર નગરી નરમાળી,
ત્રાહિ ત્રાહિ કરે થઇ ચૂર જુલમ જુલમ ભાળી. ૧.
જુલમ ભાળી હાથ અફાળી રડતી રૈયત ન્યાળી રે,
જુલમ જુલમનો મેઘ વરસિયો વસ્તી થઇ સહુ ખાલી. નગરી૦ ૨
લૂટી પ્રજા લાલચૂ થઇને, મંત્રીની મતિ મારીરે,
કારભારી કાળા મુખવાળા, રાખ્યા જુલમ જુગારી નગરી૦ ૩.

મૂરખ મંત્રી મંદ મતિનો, ધુંખી સહુ દરબારી રે,
જાણે નહી રાજની રીતી, ઊરે અનીતી ધારી. નગરી૦ ૪
દીસે કસાઇ જેવા સઘળા, કારભારી કંકાશીરે,
દંડે દેશ કલેશ કરીને, દેઈ ગલામાં ફાંશી. નગરી૦ ૫
હાહાકાર કરે જન હઇડે, મુકે મુખથી પોકરે.
આપ દેહ સંતાપ થકી બહુ શોક કરે સહુ, લોક. નગરી૦ ૬
અતિ અંધેર અધમ થયો જયાં, હડ હડતો અન્યાયરે.
ઘાલે દાડે ધાડ પડે ત્યાં, દેખી કેમ ખમાય. નગરી૦ ૭
પ્રજા કરે પોકાર પિડાઇ, સુણે નહીં દરબાર રે,
રંક બીચારી રૈયતને જ્યાં, સપડાવે સરદાર. નગરી૦ ૮
કઇક કુટંબો દેશ તજીને, નાઠા તજી ઘરબાર રે,
કઇજંન દંડ દેઇને બચિયા. વર્ત્યો હાહા કાર. નગરી૦ ૯
જુલમ કરીને બહુ જુલમીએ, કીધી અધિક ખરાબી રે,
રાજ પતી થઇને રોલ્યા જન, દેશ દિધો સહુ દાબી. નગરી૦ ૧૦
કારભારી જઇ સિપાઈ સાથ, નિર્ભય થઇને સર્વે રે,
ફેરાફેર ઘુમતા ફરતા ગર્વીલા કરિ ગર્વ. નગરી૦ ૧૧

દયા વિનાના દુષ્ટ હરામી દમે દુખીઆ જંન રે,
જનને દંડ દેશ દિલમાં કરે લૂટે તન મન ધન. નગરી૦ ૧૨
આણે નહિ તે અંત જુલમનો સુણે નહી સરકાર રે.
જાણથકી બેહાલ થઇને પ્રજા કરે પોકાર. નગરી૦ ૧૩

રોળાવરત.

પ્રૌઢ તેજ પરતાપ, અટલ શિર છત્રજ ધારી;
સુઘડ શિઆણા શૂર છંદ સુણજો સુખકારી. ૧.
નથી રાખતી દ્વેશ, રાજથી પ્રજા તમારી;
સદા અભાગી દુષ્ટ, તજ્ઞ સંભાપ અમારી. ૨.
જોઇ અમારી રીત, અહીં લગિ આપ પધારી.
કરી અધિક ઠકુરાઇ, અબરૂ આપી ભારી. ૩.
અતિ શ્રમ લીધા અમે, અમારી ફરજ વિચારી;
દેશ હેત અભિમાન, ધરી શુભ ટેક વધારી. ૪.
નથી અકલનો વેર, નથી કંઇ ટંટા ચાડી;
નથી વિચારો દુષ્ટ, નથી બુદ્ધી વણસારી; ૫.

અદ્ભુત અસલી રીત, મેં દ શુભ મોટા વાળી;
યથા મતિ અનુસાર, બનીતે કહું વીસ્તારી. ૬.
કરી દેશપતિ જવા, આગમોટે તૈયારી;
બેઠા મ્યાને આપ, ચડી અમકી અસ્વારી. ૭.
શોભીતા સિરદાર, શૂર સૌ શસ્ત્ર સહારી;
અલબેલા અસ્વાર; વીર રણ ધીરજ ધારી. ૮.
ચક ચકતાં હથીઆર, ઝળ ઝળે જયોતી અપારી;
ઝળકે ઢાલ તરવાર, વાંકડી કમર કટારી. ૯.
હેમ જમૈયા સાથ, પેટમાં પોળી પાળી;
બરછી બાવન ફુટ, થવા મણ ભાથા ભારી. ૧૦.
પાર વિના પલટણો, પાયદલ ગણતી ન્યારી,
અસંખ્યાત અતિ સૈન્ય, કવી મતિ કથતા હારી. ૧૧.
સોના સરખા સાજ, કેસરી કસબ કિનારી;
જોતાં મન હરખાય, રાજ નીતી સુખકારી. ૧૨.
ઉન્મત અગણિત અશ્વ, અતી ઓપે અસ્વારી;
ગજ પતની પર ભવન, ધરી કીધી અંબાડી. ૧૩.

ઓ સોનાના સાજ, કોતલો સરસ શૃંગારી;
શોભીતા સુખ પાલ, પારવણુ રથને ગાડી. ૧૪.
નભ ગાજયો ધનઘોર, પડી ડંકા પર ડાંડી.
ડગ ડગીયા દિગપાળ, ધંમધમી ભૂનીઆરી. ૧૫.
જુએ જગતના લોક, ચઢિને બારિ અટારી;
જોતાં કૌતક થાય, અતીસેં અચંરજ કારી; ૧૬.
મુકછે મુકછે બાઈયા, છોકરા તાળી પાડી;
પૂછેતે મહિપતી, મિયાને મોડું કાડી. ૧૭.
શું બોલેછે બ્હાર; બાલકો આમ પુકારી;
સુણી જુકિતની વાત, તર્ત ફેરી અસ્વારી. ૧૮.
ગયા નાઠી તે ઠામ, સેન સહુ પાછી વાળી;
એજ મરમની રીત, રૂદેમાં રાખો ધારી. ૧૯.
પોતે સમઝી જાય, બધું તેની બલિહારી;
બણે કએ શું થાએ, જુઆની વાત વિચારી. ૨૦.
કેવલ કુડા કારભારીઓ) કટિલ જુગારી;
નૂણ હરામી ચોર, દુષ્ટ પાપી વ્યભીચારી. ૨૧.
અરરર રરયો જુલંમ, કરે જુલમીડા ભારી;
રડે આપતે રાસ, પ્રજા સૌ હાય પુકારી. ૨૨.

પડી પૂર્વની ટેવ, જુલમની નિપટ અનાડી;
સુમજોછો સરદાર, ટળે નહી તમથી ટાળી. ૨૩.

કોરીમાં કારભાર, નથી નિર્ધનની બારી;
અર્થ સરેતો ઝટ, ગર્દનો નાખે મારી. ૨૪.

દેશ તણા ઇન્સાફ, કરે નહિ હક્ક સંભારી;
દૂર દેશના નામ, લઇ પેરાવે પાળી. ૨૫.

અધમ અનાડી રીત, નથી એવી સરકારી,
નિજ અર્થે પૈસા, મેળવવા કાંશી દારી. ૨૬.

ડુબ્યો દેશ અન્યાય, વાતમાં વિખછે ભારી;
દૂર દેશના ન્યાય, નિવેડે અભણ અનાડી. ૨૭.

નહિ વાદી પ્રતિવાદિ, પાસ વાદીની નારી;
કુટિલ કરેરે કરી, તર્ત તેનાથી યારી. ૨૮.

પામી પૈસા પુર, સંબંધ કરે વ્યભિચારી;
પ્રતિવાદી પરદેશ, ચલાવે તેની નારી. ૨૯.

સહસ્ર જોજનની વાત, જાય નહિ જ્યાં કો નારી;
ત્યાંનો દાવો ધરી, ફુલાવે સતિ પરણારી. ૩૦

નોતી તે નિર્લજ, કંઇ નહિ તેહ બિચારી;
કુટિલ કસાઈ ન્યાય, નિવેડ્યો એકલ પારી. ૩૧.

પ્યાદાને અસ્વાર, મોગલો અતિ દુખકારી;
ફરી જમેથી ચાંપ, દેશ અંતરમાં ધારી. ૩૨.
અધમ અનીતી તણી, વાત નઇ જાય વિસ્તારી;
સુણો નાગી સરદાર, રચંયન સહુ રહે બિચારી. ૩૩.
ખૂબ તરકટો કર્યાં, હામ હૈડાની હારી;
દેવ થકી નહિ ડર્યો, ધરમને તજ્યો વિસારી. ૩૪.
દ્રોડી પડીને હાથ, સુવા સૌ ફાંફાં મારી;
રામે રાખી લાજ, થઇ મુંબઇ મામારી. ૩૫.

કડવું ૪૪ મું રાગ પરજ.

ઓખા કરેછે શાદ હઠીલા રાણાજી. (એ રાગ.)

અમે અતીરે અનાથ કંગાળ. હઠીલા રાણાજી.
ભુરા કીધા અમારા હાલ. હઠીલા. ૧.

અમે કેને કઇએ જઇ આજ. હઠીલા૦
થઇ પોતાના દેશની લાજ. હઠીલા૦ ૨.
તમેછો શાખા શરદાર. હઠીલા૦
નથી વાંક તમારો લગાર. હઠીલા૦ ૩.
નથી અંતર માય અનીત. હઠીલા૦
નથી નાતીથી ઉલટી રીત. હઠીલા૦ ૪.
કેવલ કારભારિઓની કાંણ. હઠીલા૦
વારી નાખ્યો શુદ્દેનો ગાણ. હઠીલા૦ ૫.
નઇ રાખે જરા દરકાર. હઠીલા૦
લુટે ચોવટા હાટ બજાર. હઠીલા૦ ૬.
અતી ન્યાયને બાને અન્યાય. હઠીલા૦
ફરી રોકડા નાણા ખાય. હઠીલા૦ ૭.
જાણે રાજા વગરની રઇત. હઠીલા૦
એવું જાણીને લુંટે દઇત. હઠીલા૦ ૮.
રાખે રાજની રંચક કાંની. હઠીલા૦
શકું વાત કરે મંન માની. હઠીલા૦ ૯.

રખો કેવલ કોરીનો કામ. હઠીલા૦
નથી ન્યાયમાં શતનો નામ. હઠીલા૦ ૧૦.
આંમ દેશને અરથે કરીએ. હઠીલા૦
કુડા કારભારીઓથી ડરીએ. હઠીલા૦ ૧૧.
અમો એવાથી કેમ ઉગરીએ. હઠીલા૦
શાન દોટો માથો કુટી મરીએ. હઠીલા૦ ૧૨.
પ્રજા શરવ દુખે થઇ ખાલી. હઠીલા૦
અરજી શરવની શાયબે જાલી. હઠીલા૦ ૧૩.
તમને રંચ નથી દરકાર. હઠીલા૦
તેથી નીકરસે નઇ શાર. હઠીલા૦ ૧૪.
તમો શારો પ્રજાનોજો ધારો. હઠીલા૦
પેહેલા કાયદા પુરા શુધારો. હઠીલા૦ ૧૫.
નથી કાયદ કરણીની બારી. હઠીલા૦
તેથી રંક પ્રજાની ખોહારી. હઠીલા૦ ૧૬.
એવો વાતનો કાઢજો શાર. હઠીલા૦

કરી ધારજો દીરગ વીચાર. હઠીલા૦ ૧૭.

તમને જાજો કહેશું થાય. હઠીલા૦

ડાલો ભરમ પોતાનો જાય. હઠીલા૦ ૧૮

પ્રજા શેરની શરવ પીડાએ. હઠીલા૦

પોકે પોકે પુકારે હાએ, હઠીલા૦ ૧૯.

કીધા વાણીએ વહાણો બંદ. હઠીલા૦

નથી દેસમાં કોડીનો ધંધ. હઠીલા૦ ૨૦.

તમે શાંભળતા નથી વાત. હઠીલા૦

ધોળે દહાડે પડી ગઇ રાત. હઠીલા૦ ૨૧.

રાગ કાફી.

કછી ભાષાની કવીતા.

વાલો ગોશલપીર બેનીરે અમને વાલો ગોશલપીર (એ રાગ નીછે)

દેશડાનિ દોરાઇંઓ દેશાત આંજો દેશડાનિ દોરાઇંઓ.

જુલમી જાલમજો પગાયો, બાવારે આંજો દેસડાનિ ટેક.

જુલમ નગરથી જાલમ આવ્યો. ઉદીમાં હળહળ થયો;
અવધિ અશાંતે ગજબ ગુજારે, * જોરાણુ થીયોં. બા॰
અંન ધંન માલ અશાંજ લુંટઈ, લાજ લુંટણ તે ભ્યો.
બજિરે બજારમાં બાજીઅણીભ્યો,*જુલમિ ઘાણી આયો. બા॰
દનમાબ ખાતો અજબ અંધારો, કમ કોરીદજો જરેયો.
કુંટણ કરડા કુલ કારભાઝી, *ધાયો તનિજો નિટ્યો. બા॰ ૩.
અખુ હજારું લાંચુ ગનિએ, કરી હકજો ભ્યો.
ધાઝી ધુકારે ધાડ વિજોપ્યા, *બાવોનિ ન્યારે પ્યો. બા॰ ૪
દુખ દરીએ દુબ્યો દેશડારે, ધાણુ ગરિમ ભ્યો,
જુલમ ગુજારે જાલમો, *આવોયે મૂક્યો. બા॰ પ.
ધરાધણીકે ધારી ધુકારે, મોઅડી માજન રયો.
બાવો બોલ્યા બડ બંદી હતા, થાનાર થ્યે શે રયો. બા॰ ૬.

---

* જેને જગોપર આવી ટાંપ મુકેલીછે તેતે ઠેકાણુ ગટની રીતે (અલા) એવો શબ્દ બોલ્યાથી શારો ઢાબ બેશશે. પાછળ ફટાંપ નાખેલી નથી માટે સુધારીને વાંચવું.

જુલમ કરેજો જાલમુરે, ઓરા કદેકેન કયે;
મોતી મિંદર માયલા તેજો, હાર હમેલી રયો. બા૦ ૭.
જેનો અશાંતે વારસોરે, શેપણુ પતરી વ્યો;
બાઇ બમાઓ જાટીઓ, જદાં હુકમ હજુરી નયો. બા૦ ૮.

રાગ કાફી.

ઢાલ ઊપર પરમાણે.

દેશડેકે સામી ન્યાર બાવારે પાંજે દેશડેકે શાગો ન્યાર.
પંઢજી ખાગીં પ્રજા કેમ માર. બાવારે પાંજે.
જુંભી જુંભી જન થાકીઆરે, કઢયોન કોદીઅ મારા;
શુણો નથા શચી શેરજી આજે. આળશ જોનાદ પાર. બા૦ ૧.
જુલમ જનુની જામીઓરે, જમ્યો રાજદુવાર.
ચોર વઠા મોતિ ચુંગે તેજે મુલજો નાય સુમાર. બા૦ ૨.
પીએ વેરાયા વાંણીઆરે. કુટી કુટી રયા ઠાર;
પચી પચી પીડા થેઆતેજે, પીડા જોનાય પાર. બા૦ ૩.

કર્યો નિતીજ શંકુટારે, કર્યો પ્રજાતે પ્યાર;
શેર વસાગ્યો શહાશથી, કહો કાર ભારી એકે બાર. બા૦ ૪.
શેર દીશા શર કારજારે, વર્તે જેજેકાર;
તેલ વિગર દિવડા બરેજાદા, પાણીણા પુરે વેહાર. બા૦ ૫.
પુછો પ્રભુજી પેરણારે, વક્રમ પ્રક્રમ ન્યાર;
ગયો તંગીજ દાખલા આંજો, શુકૃષ કર્યો શંશાર. બા૦ ૬.
સુણો નથાક શાર્યા નથારે, અશીન ગમજો શાર;
ફુરો વીચાર્યા કાલજે આજો, જાયર આંણ્યો વિચાર. બા૦ ૭.
બડન બધઉ અશી બાવલારે, મુડે મુડે કરિયુ મનુહાર;
પુછો અશાંકે પ્રેમથી આંકે, શારો જણાયું વિચાર. બા૦ ૮.
ઓતા અજે અરથ કેરે, મુડેમ દીજા માર;
ફરજ વજાઓ પાંણુજીકહો, ગાલજો અમુલ શાર. બા૦ ૯.